# આજથી રાજ્યમાં શિક્ષણકાર્ય આરંભાશે

**કોલેજ કક્ષાએ અંડર ગ્રેજ્યુએટના છેલ્લા વર્ષના તથા પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય શરૂ થશે : રાજ્યના મંત્રીઓ તથા ધારાસભ્યઓ શાળાઓમાં ઉપસ્થિત રહીને આવકારી પ્રોત્સાહિત કરશે**



ગાંધીનગર,તા. ૧૦ સમગ્ર રાજ્યમાં કોરોના ની તીવ્રતા દિવસેને દિવસે ઘટતી જાય છે ત્યારે આગામી દિવસોમાં બોર્ડની પરીક્ષાઓ પણ લેવાવાની છે ત્યારે વિદ્યાર્થીઓના લાંબા ગાળાના શૈક્ષણિક હિતમાં રાજ્ય સરકારે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજ કક્ષાએ અંડર ગ્રેજ્યુએટના છેલ્લા વર્ષના તથા પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય હવે શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે ત્યારે આવતીકાલથી સમગ્ર રાજ્યમાં આ ધોરણના વિદ્યાર્થીઓ માટે શાળાઓ તથા કોલેજમાં શૈક્ષણિક કાર્યનો શુભ આરંભ થઈ રહ્યો છે.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્ય સરકારના શાળા ખોલવા ના નિર્ણયને હર્ષભેર વધાવી લેવા બદલ શિક્ષણ કાર્ય સાથે જોડાયેલ તમામનો રદય હૃદયપૂર્વક આભાર પણ માન્યો છે અને જણાવ્યું છે કે કોરોનાના લાંબા વેકેશન બાદ જ્યારે શિક્ષણકાર્ય શરૂ થઈ રહ્યું છે ત્યારે જેટલો પણ સમય મળે તેનો મહત્તમ ઉપયોગ કરીને શિક્ષણકાર્ય અને સાથોસાથ બાળકનું પણ હિત જાળવવાનો આપણે સંકલ્પ કરીએ. ‘આવતીકાલથી ઉપરોક્ત વિદ્યાર્થીઓ માટે જ્યારે શાળાઓ શરૂ થઈ રહી છે ત્યારે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ તથા ધારાસભ્યો નક્કી કરાયેલ વિસ્તારની શાળાઓમાં જે તે શાળાના પ્રારંભ સમયે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓ ને આવકારી તેમને પ્રોત્સાહિત કરશે.

વિદ્યાર્થીઓને આવકારવા જે મંત્રીઓને જિલ્લા ફાળવાયા છે તેમાં કૃષિ મંત્રી આર.સી. ફળદુ રાજકોટ, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ગાંધીનગર જિલ્લામાં કલોલ ખાતે, મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ અમદાવાદ શહેર ખાતે, ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ ગાંધીનગર ખાતે, આદિજાતિ વિકાસ મંત્રી ગણપતભાઈ વસાવા સુરત જિલ્લામાં, શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર પાટણ જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર સુરત જિલ્લામાં, પાણી પુરવઠા અને પશુપાલન મંત્રી કુંવરજીભાઈ બાવળીયા રાજકોટ જિલ્લામાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા અમદાવાદ જિલ્લામાં, કૃષિ રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમાર પંચમહાલ જિલ્લામાં, સહકાર રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ ભરૂચ જિલ્લામાં, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ વિભાગના રાજયમંત્રી વાસણભાઈ આહીર સાબરકાંઠા જિલ્લામાં, શિક્ષણ રાજયમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે અમદાવાદ જિલ્લામાં સાણંદ ખાતે, વન આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકર વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે નર્મદા, શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી યોગેશભાઈ પટેલ વડોદરા જિલ્લામાં, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા જામનગર શહેરમાં, મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા, પંકજભાઈ દેસાઈ નડિયાદ જિલ્લામાં અને નાયબ મુખ્ય દંડક આર.સી.પટેલ નવસારી જિલ્લામાં નક્કી કરાયેલ શાળાઓમાં શાળા ખુલવાના સમયે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આવકારી પ્રોત્સાહિત કરશે.

## ખૂણેખાંચરેથી

- કલોલ તાલુકા વિકાસ અધિકારી દોંગાની બદલી કરવામાં આવી છે.
- કોરોના વેક્સીનેશન ઝુંબેશને આખરી ઓપ આપવામાં આજે રજાના દિવસે પણ તંત્ર સતત ગળાડૂબ રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં રજાનો માહોલ હોવાથી આજે ઉત્તરાયણ પર્વને લઈ ધાબાઓની સફાઈ અને અન્ય કામગીરીમાં નગરજનો વધુ વ્યસ્ત રહ્યા હતા.
- પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીના અંતિમ દર્શન માટે સે. ૧૯ સ્થિત નિવાસસ્થાને જિલ્લાભરમાંથી કોંગી કાર્યકરો મોટી સંખ્યામાં આવ્યા હતા.
- ગુજરાત મુલ્કી સેવા ગાંધીનગરના સભ્ય એ.એન. જોશીનુ કોરોનાના કારણે ગઈકાલે અવસાન થયુ છે.
- કલેક્ટર-ડી.ડી.ઓ. હસ્તક ખાસ આયોજનના કામો સૂચવવા માટે મુકાયેલી ગ્રાન્ટનું જિલ્લામાં પુરેપુરૂ આયોજન નહિ થયુ હોવાને લઈ સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગે પત્ર લખી નારાજગી વ્યક્ત કરી છે.
- રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે આજે રજાના દિવસે પણ કચેરી ચાલુ રખાઈ હતી.
- તહેવારો-પર્વો નજીક આવતા ફ્રુટ બજારમાં ભાવ વધારો થવા પામ્યો છે.

## આજથી પુનઃ ઠંડીનું જોર વધશે : અંબારામ પટેલ

માવઠાના કારણે હાલમાં ઠંડી ઘટી છે પરંતુ વાદળો દૂર થતાં જ સોમવારથી ઠંડીનો ચમકારો અનુભવાશે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે પતંગ રસીકો માટે આ વખતે ઉત્તરાયણના દિવસે રાજ્યમાં ઉત્તર-પૂર્વ-ઉત્તરનો પવન રહેશે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઉત્તર-પૂર્વનો પવન રહેવાની શક્યતા રહે. પવનની ગતિ સામાન્ય રીતે પ્રતિ કલાકે ૧૦ કિ.મી.ની ઝડપે રહેવાની શક્યતા રહે. ઠંડી અંગે જોઈએ તો દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં કમોસમી વરસાદ અને વાદળવાયુના કારણે તેમજ રાજ્યમાં માવઠાના કારણે ઠંડીમાં ઘટાડો થયો છે પરંતુ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં તા. ૧૧-૧૨ જાન્યુઆરીથી હિમવર્ષાના લીધે ઠંડી રહેશે અને બર્ફીલા પવનોના કારણે ગુજરાતમાં પણ ધીરે ધીરે ઠંડીનુ જોર વધે અને સોમવારથી રાજ્યમાં ઠંડીનો અણસાર જણાય જેમાં ઉત્તર ગુજરાતના ભાગો, સાબરકાંઠાના ભાગો, મહેસાણા, પાટણ, સમી, હારીજ અને બનાસકાંઠાના દાંતિવાડા સહિતના ભાગોમાં ઉત્તરાયણ સુધીમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની સેલ્સિયસ આસપાસ રહે. કચ્છ-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ ઠંડીની શક્યતા રહે. મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ૧૧ ડિગ્રી આસપાસ, ઉત્તર સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ૧૨ ડિગ્રી સેલ્સિયસ આસપાસ, દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ૧૨ ડિગ્રી સેલ્સિયસ આસપાસ લઘુત્તમ તાપમાન જવાની શક્યતા રહે. જ્યારે તા. ૧૭ થી ૨૦ માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતા રહે અને ગાત્રો થીજવતી ઠંડી પડી શકે. જાન્યુઆરી તા. ૨૧ આસપાસ પશ્ચિમી વિક્ષેપ આવવાની શક્યતા રહેતા ૨૩મી જાન્યુઆરીથી ૨૫ દરમ્યાન પૂર્વ ગુજરાત, ઉત્તર ગુજરાત અને કચ્છ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વાદળવાયુ જણાય અને કોઈ કોઈ ભાગમાં માવઠાની શક્યતા રહે. તા. ૨૮ સુધીમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના ભાગોમાં ઠંડીના ચમકારા સાથે માવઠુ રહે. ફેબ્રુઆરી માસમાં પણ માવઠાઓની શક્યતા રહે અને ઉત્તર ગુજરાતના ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ઘણુ નીચુ જાય.

દિવેલા, દેશી કપાસ તેમજ લાંબા-પહોળા પાનવાળા રવિપાકોને હિમ પડવાની શક્યતા હોવાથી પીયતનુ વ્યવસ્થાન કરવુ સારૂ રહે. જીરૂ જેવા પાકમાં વાદળવાયુ અને માવઠાની શક્યતાના કારણે સંરક્ષણના પગલા લેવા સારા રહે. આમ છતાં ઘઉં જેવા રવિપાકો અને અન્ય રવિપાકો સારા થવાની ધારણા રહે. માર્ચ માસમાં પણ પશ્ચિમી વિક્ષેપના કારણે માવઠાઓની શક્યતા રહે. હાલમાં ઉત્તર ભારતના ભાગોમાં ધુમ્મસની શક્યતા પણ રહે. સામાન્ય રીતે શીયાળામાં વરસાદના ગર્ભ બંધાતો હોય છે એટલે વાદળવાયુ રહે તે સ્વાભાવિક છે. જો વરસાદી ગર્ભ બરાબર બંધાય નહિ તો ચોમાસામાં પણ વરસાદ બરાબર પડે નહિ.

## કેબલ ચોરીના ગુનામાં સાત વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર,તા.૧૦

કલોલ શહેર પોલીસ મથકના કેબલ ચોરીના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પોલીસ મથકના જવાનો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે એએસઆઈ દિલિપસિંહ અને કોસ્ટેબલ જિતેન્દ્રસિંહ બાતમી મળી હતી કે કલોલ પોલીસ મથકના કેબલ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી સિકંદરખાન ઉસ્માનખાન પઠાણ હાલમાં વેજલપુર ઓ.એસ.પાર્ક ખાતે પોતાના ઘરે હાજર છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા સિંકદરખાન પઠાણ મળી આવ્યો હતો. કેબલ ચોરીના ગુનામાં છેલ્લા કેટલાક વર્ષોથી નાસતો ફરતો હોવાની આરોપીએ કબુલાત કરી હતી. જેથી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા એક લાખ મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં અર્પણ

શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ના શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીના ૬૪મા દીક્ષા પર્વ પ્રસંગે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનામાં એક લાખ રૂપિયાના અનુદાન સમર્પણનો પ્રેરણાદાયી પ્રસંગ યોજાયો હતો.





રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ તથા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહા મંદિરે પધાર્યા હતા અને શ્રી હનુમાનજી મહારાજની આરતીના દર્શન કર્યા હતા. પ્રાસંગિક સભામાં શિક્ષણમંત્રીને ચેક સમર્પણ કર્યો હતો. એ પ્રસંગે બંને મહાનુભાવોએ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા થતી ધાર્મિક તથા સામજિક સેવાની પ્રવૃત્તિઓ તથા યુવાઘડતરની પ્રવૃત્તિઓને તેઓના પ્રવચનોમાં બિરદાવી હતી. સંસ્થાવતી શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજી એ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરાંત, ૨૧૯ મો સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિવસ હોવાથી મંત્રપૂજન તથા સમૂહ આરતીનો સહુ ભક્તોએ ઘેર બેઠાં ઓનલાઈન લાભ લઈ ધન્ય બન્યા હતા. દીક્ષા પર્વના ઉપલક્ષ્યમાં વિવિધ સેવાકીય કાર્યો - વૃધ્ધાશ્રમમાં વૃધ્ધોને ભોજન તથા ગાંધીનગરના વિવિધ ચબુતરામાં પક્ષીઓ માટે ચણ વગેરે ૧૦મી જાન્યુઆરીએ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર સેવાકીય કાર્યોનું માર્ગદર્શન શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીએ પુરું પાડ્યું હતું.

## શાસ્ત્રીજીને સલામ : શાસકોએ જોવું જોઈએ કે લોકો પ્રશાસન માટે કેવી પ્રતિક્રિયા આપે છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

વિરલ વ્યક્તિત્વ અને સાદાઈના માલિકા એવા લાલ બહાદુર શાસ્ત્રી જેવા વડાપ્રધાન ભારતને ફરી મળી શકે તેમ નથી, કારણ કે આ રાજકીય નેતા ડાઉન ટુ અર્થ હતા. અત્યારે કિસાન આંદોલન ચાલી રહ્યું છે ત્યારે ખરા અર્થમાં કિસાનોના હમદર્દ અને સંકટમોચન એવા શાસ્ત્રીજીનો જન્મ બીજી ઓક્ટોબર ૧૯૦૪માં ઉત્તરપ્રદેશના વારાણસીથી સાત માઈલ દૂર એવા એક નાનકડા રેલવે ટાઉન મુગલસરાયમાં થયો હતો. તેમના પિતા એક સ્કૂલ શિક્ષક હતા. લાલ બહાદુર જ્યારે દોઢ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું નિધન થયું હતું. તેમની માતા ત્રણ સંતાનો સાથે પોતાના પિતાના ઘરે જઈને વસ્યા હતા. નાના શહેરમાં તેમની સ્કૂલની શિક્ષા ખાસ રહી ન હતી.

**દેશના કૃષિ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે ’જય જવાન જય કિસાન’ નો નારો પ્રસિદ્ધ કર્યો**

**દહેજમાં ચરખો અને થોડું કાપડ લીધું હતું...**

ગરીબીનો માર પડવા છતાં બાળપણ આનંદરૂપ હતું. તેઓ પગે ચાલીને સ્કૂલે જતા હતા. ઘરમાં બધાં તેમને નન્હે કહીને બોલાવતા હતા. વારાણસીમં કાકાના ઘરે રહેવા મોકલ્યા પછી તેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ૧૧ વર્ષની ઉંમરે લાલ બહાદુર શાસ્ત્રી વિદેશી ગુલામીમાંથી આઝાદી માટે દેશના સંઘર્ષમાં વધારે રસ દાખવતા થયા હતા. ૧૯૨૦માં તેઓ આઝાદીની પહેલી લડાઈમાં જોડાઈ ગયા હતા. સ્વાધિનતા સંગ્રામમાં તેમની ભૂમિકા મહત્વની રહી હતી. ૧૯૨૭માં તેમના લગ્ન મિરઝાપુરના લલિતા દેવી સાથે થયા હતા. તેમના લગ્ન બધી રીતે પારંપરિક હતા પરંતુ દહેજમાં માત્ર એક ચરખો અને હાથથી વલેણું થોડું કાપડ હતું. તેઓ બીજું કંઈ ઈચ્છતા ન હતા. તેમને સંતાનમાં છ બાળકો હતા. ૧૯૩૦માં મહાત્મા ગાંધીએ મીઠાનો કાયદો તોડીને જ્યારે દાંડીયાત્રા કરી ત્યારે તેઓ જોશભેર સ્વતંત્રતાના સંઘર્ષમાં સામેલ થયા હતા.

**ઉત્તરપ્રદેશથી રાજકીય સફર શરૂ કરી હતી...**

લાલ બહાદુર શાસ્ત્રી કાશી વિદ્યાપીઠમાં જોડાયા હતા. વિદ્યાપીઠ દ્વારા તેમને આપવામાં આવેલી સ્નાતકની ડીગ્રી બાદ તેમને શાસ્ત્રી નામ મળ્યું હતું. મહાત્મા ગાંધી સાથે આંદોલનમાં ભાગ લેવાના કારણે તેઓ સાત વર્ષ બ્રિટીશ જેલોમાં રહ્યાં હતા. ૧૯૪૬માં જ્યારે કોંગ્રેસ સરકારનું ગઠન થયું ત્યારે આ નાના કાર્યકરને દેશના શાસનમાં રચનાત્મક ભુમિકા નિભાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. શરૂઆતમાં તેમને પોતાના ગૃહરાજ્ય ઉત્તરપ્રદેશના સંસદીય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ઝડપથી તેઓ કેન્દ્રના ગૃહમંત્રી સુધી પહોંચી ગયા હતા. દેશને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પશ્ચાત શાસ્ત્રીજીને ઉત્તર પ્રદેશ રાજ્યના સંસદીય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓ ગોવિંદ વલ્લભ પંતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પ્રહરી તેમજ યાતાયાત મંત્રી બન્યા હતા.

**રેલવે મંત્રાલયમાંથી રાજીનામું અદ્દભૂત કિસ્સો...**

યાતાયાત મંત્રી તરીકેના સમય દરમિયાન તેમણે પ્રથમ વાર મહિલાને બસ-સંવાહક (બસ-કંડક્ટર) તરીકેના પદ પર નિયુક્ત કરી નવો ચીલો ચાતર્યો હતો. પ્રહરી વિભાગના મંત્રી થયા બાદ એમણે ભીડને નિયંત્રણમાં રાખવા માટે લાઠી પ્રહારને બદલે પાણી છાંટવાનો પ્રયોગ શરૂ કરાવ્યો હતો. ૧૯૫૧ના વર્ષમાં, પંડિત જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં તેમને અખિલ ભારત કોંગ્રેસ કમિટીના મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આઝાદી પછી તેઓ ૧૯૫૧માં દિલ્હી ગયા હતા અને કેન્દ્રીય મંત્રીમંડળના ઘણાં વિભાગોનો હવાલો તેમણે સંભાળ્યો હતો. તેમણે રેલવે, પરિવહન અને સંચાર વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગના વિભાગ તેમજ ગૃહ મંત્રાલયનો હવાલો સંભાળ્યો હતો. તે સમયે વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ જ્યારે બિમાર પડ્યા હતા ત્યારે તેઓ મંત્રાલય વિના મંત્રી રહ્યાં હતા. એક રેલવે દુર્ઘટના સમયે ઘણાં લોકો માર્યા ગયા ત્યારે સંવેદના સભર તેમણે પોતાને જવાબદાર ગણીને મંત્રીપદેથી રાજીનામું આપી દીધું હતું. દેશ અને સંસદે તેમની આ અભૂતપૂર્વ પહેલને બિરદાવી હતી.



**વસ્તુને નજીકથી પારખવાની અપાર શક્તિ...**

રેલવે દુર્ઘટના પછી મંત્રાલયના હોદ્દામાંથી રાજીનામું આપવાની ઘટના અંગે તે સમયે વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ સંસદમાં શાત્રીજીની ઈમાનદારી અને ઉચ્ચ આદર્શોની ખૂબ પ્રસંશા કરી હતી. તેમણે કહ્યું હતું કે --- લાલ બહાદુર શાસ્ત્રીનું રાજીનામું એટલા માટે સ્વિકાર્ય નથી કે જે કંઈ પણ થયું છે તેમના માટે તેઓ જવાબદાર નથી પરંતુ એટલા માટે સ્વિકાર્યું છે કે તેનાથી બંધારણીય મર્યાદામાં એક દાખલો બેસશે. રેલવે દુર્ઘટના પર લાંબી ચર્ચાનો જવાબ આપતા લાલ બહાદુર શાસ્ત્રીએ કહ્યું હતું કે “કદાચ હું લંબાઈમાં ટૂંકો હોવાથી તેમજ નમ્ર હોવાને કારણે લોકોને લાગે છે કે હું બહું દ્રઢ નથી થઈ શકતો. જોકે શારીરિક રીતે હું મજબૂત નથી પરંતુ મને લાગે છે કે આંતરિક રીતે હું એટલો પણ કમજોર નથી.” તેઓ પોતાના મંત્રાલયના કામકાજ દરમિયાન પણ તેઓ કોંગ્રેસ પાર્ટી સંબંધિત બાબતોનું ધ્યાન રાખતા હતા. ૧૯૫૨,૧૯૫૭ તેમજ ૧૯૬૨ની સામાન્ય ચૂંટણીઓમાં પાર્ટીની નિર્ણાયક તેમજ જબરદસ્ત સફળતામાં તેમની સંગઠનની પ્રતિભા તેમજ વસ્તુને નજીકને પારખવાની અદભુત ક્ષમતાનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના દેહાવસાન પછી તેમણે ૯મી જૂન ૧૯૬૪ના રોજ વડાપ્રધાન તરીકેનો પદભાર ગ્રહણ કર્યો હતો.

**ભૂખમરામાં સપ્તાહમાં એક ઉપવાસની અપીલ...**

૧૯૬૪માં જ્યારે તેઓ વડાપ્રધાન બન્યાં ત્યારે શાસનકાળ દરમ્યાન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું. તે સમયે દેશમાં ભયાનક દુકાળ પડ્યો હતો અને ખાદ્યચીજોની અછત વર્તાઈ હતી. આ સંકટને ટાળવા માટે તેમણે પ્રત્યેક દેશવાસીને સપ્તાહમાં એક દિવસ ઉપવાસ કરવાની સલાહ આપી હતી. તેઓ કહેતા હતા કે સખત મહેનત એ પ્રાર્થના કરવા સમાન છે. શાસન કરનારા લોકોએ જોવું જોઈએ કે લોકો પ્રશાસન માટે કેવી પ્રતિક્રિયા આપે છે. યુદ્ધ દરમ્યાન દેશ જ્યારે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે શાસ્ત્રીજીએ પગાર લેવાનો બંધ કર્યો હતો. તેમના ઘરમાં કામ કરવા આવનારી મહિલાને કામે આવવાની ના પાડી દીધી હતી અને ઘરના કામ તેઓ જાતે કરતા હતા. દેશ અનાજની અછતથી પિડાઈ રહ્યો હતો. અમેરિકાએ ભારતમાં નિકાસને રોકી દેવાની ધમકી આપી હતી. સપ્તાહમાં એક દિવસ ઉપવાસ કરવાની તેમની અપીલની એટલી ધારદાર અસર થઈ કે કેટલાય દિવસો સુધી રેસ્ટોરન્ટ અને હોટલોએ પણ પાલન કરવાનું શરૂ કર્યું હતું.

**ઘરમાં બધાં ‘નન્હે’ કહેતા, પગે ચાલીને સ્કૂલે જતા, કાશીમાં સ્નાતક બાદ શાસ્ત્રીની નામ મળ્યું**

**વડાપ્રધાન પદે તેઓ દિવસ સુધી રહ્યાં...**

૩૦થી વધુ વર્ષો સુધી પોતાની સમર્પિત સેવા દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રી પોતાની નિષ્ઠા તેમજ ક્ષમતા માટે લોકોમાં ખૂબ પ્રસિદ્ધ થયાં હતા. વિનમ્ર, દ્રઢ, સહિષ્ણુ તેમજ આંતરિક શક્તિવાળા શાસ્ત્રીજી લોકો વચ્ચે એવા વ્યક્તિ બનીને ઉભર્યા હતા કે જેઓ લોકોની ભાવનાને સમજતા હતા. તેઓ ભારતન દેશની ત્રીજી લોકસભાના બીજા સ્થાયી વડાપ્રધાન હતા. તેઓ ૯મી જૂન ૧૯૬૪ થી ૧૧મી જાન્યુઆરી ૧૯૬૬ દરમ્યાન દેશના વડાપ્રધાન તરીકે રહ્યાં હતા. તેમણે એક વર્ષ અને ૧૨૬ દિવસ શાસન કર્યું હતું. ૧૦મી જાન્યુઆરી ૧૯૬૬ના રોજ પાકિસ્તાન સાથે શાંતિ અંગેના કરાર કર્યાના માત્ર ૧૨ કલાક પછી ૧૧મી જાન્યુઆરીએ શાસ્ત્રીજીએ તાશકંદમાં અંતિમ શ્વાસ લીધા હતા. આજે પણ તેમનું નિધન એક રહસ્ય છે. તેમના શાસન સમયે પાકિસ્તાનમાં ભારતના હાઈકમિશનર તરીકે રહી ચૂકેલા શંકર વાજપેયી કહેતા કે – પ્રમુખ અયૂબ એવું વિચારવા લાગ્યા હતા કે હિન્દુસ્તાન નબળો દેશ છે અને રાજકીય નેતૃત્વ પણ કમજોર છે. ભારત-પાકિસ્તાન યુદ્ધ પૂર્ણ થયા બાદ તેઓ પાકિસ્તાન ગયા હતા.

**પુત્રના કહેવાથી બેંકલોનથી કાર ખરીદી હતી...**

શાત્રીજી જ્યારે વડાપ્રધાન બન્યાં ત્યાં સુધી તેમની પાસે પોતાનું ઘર તો દૂરની વાત છે પરંતુ નાની કાર ન હતી. એક વખત શાસ્ત્રીજીના બાળકોએ ફરિયાદ કરી કે તમે વડાપ્રધાન છો હવે આપણી પાસે એક કાર હોવી જોઈએ. એ જમાનામાં ફિયાટ કાર ૧૨૦૦૦ રૂપિયામાં આવતી હતી. તેમણે સચિવને કહ્યું કે, જરા જુઓ તો બેંકના ખાતામાં કેટલા રૂપિયા છે. જોયું તો માત્ર ૭૦૦૦ રૂપિયા હતા. છેવટે તેમણે પંજાબ નેશનલ બેંકમાંથી ૫૦૦૦ રૂપિયાની લોન લઈને કાર ખરીદી હતી. જો કે એક વર્ષ બાદ લોનની ચૂકવણી પહેલાં તેમનું નિધન થયું હતું એટલે ઈન્દિરા ગાંધીએ સરકાર તરફથી લોન માફ કરવાની રજૂઆત કરી હતી પરંતુ તેમના પત્ની લલિતા શાસ્ત્રીએ તેનો અસ્વિકાર કર્યો અને શાસ્ત્રીજીના નિધનના ચાર વર્ષ સુધી પેન્શનની રકમથી લોન ચૂકવી હતી. આ કાર હજી પણ દિલ્હી સ્થિત તેમના મેમોરિયલમાં રાખવામાં આવી છે. ‘જય જવાન, જય કિસાનલ્લ એ તેમનો નારો હતો. ખરા અર્થમાં તેઓ જવાન અને કિસાનોના નેતા બની રહ્યાં હતા.

**યુદ્ધ દરમ્યાન ભૂખમરામાં પગાર લેવાનો બંધ કર્યો, સપ્તાહમાં એક ઉપવાસની અપીલ કરી**